# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM CONVOY

ઈંધણની બચત અંગેની પ્રધાનમંત્રીની અપીલ બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના કાફલામાંથી ચાર ગાડી હટાવવાનો નિર્ણય લીધો છે. જેનો અમલ તેમણે આજથી કરી દીધો છે. અમરેલીના રાજુલા ખાતેના કાર્યક્રમમાં મુખ્યમંત્રી આજે માત્ર 5 ગાડીઓના કાફલા સાથે પહોંચ્યા હતા. VVIP કલ્ચર છોડીને સામાન્ય નાગરિકની જેમ ઓછા વાહનો સાથે પ્રવાસ ખેડી તેમણે વહીવટી તંત્ર અને જનતાને પ્રેરણાદાયી સંદેશ આપ્યો.

# DYCM DECISION

રાજ્યના ગૃહ વિભાગની બેઠકો હવે વર્ચ્યુઅલી યોજાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રધાનમંત્રીની અપીલ બાદ આ નિર્ણય લીધો. જેથી હવે ગાંધીનગરની બેઠકમાં ગાંધીનગરના બહારના અધિકારીઓને રૂબરૂ નહીં બોલાવાય. તેઓ વર્ચ્યુલી જોડાશે. શ્રી સંઘવીએ પોતાના ગાડીઓના કાફલામાં પણ કાપ મૂક્યો છે તેમના કાફલામાં હવે માત્ર ત્રણ ગાડી જોવા મળશે.

બીજી તરફ રાજ્ય સરકારના મંત્રી પીસી બરંડાએ સરકારી ગાડીનો ઉપયોગ નહીં કરવાનો નિર્ણય લીધો છે.

# MINISTERS’ CONVOY

રાજ્યના મંત્રીઓને હવે ગાડીઓનો કાફલો નહીં ફાળવવામાં આવે. રાજ્ય સરકારે આજે ઇંધણ બચત અંગે લીધેલા નિર્ણય અનુસાર સુરક્ષા શ્રેણીમાં આવતા VVIP સિવાય કોઈને પાયલોટિંગ કાર અપાશે નહીં. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સિવાય તમામને આ લાગુ પડશે. રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ ડીઝલની કરકસર માટે આ મહત્વનું પગલું સાબિત થશે.

# MAHISAGAR SP INITIATIVE

મહીસાગર જિલ્લાના નાગરિકોને પોતાની રજૂઆતો માટે જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી સુધી જવું ન પડે તે માટે પોલીસ અધિક્ષક સફીન હસને નવી પહેલ શરૂ કરી છે. હવે તેઓ કડાણા અને સંતરામપુરના નાગરિકો માટે દર મહિનાના પહેલા અને ત્રીજા બુધવારે સંતરામપુર પોલીસ મથકે  હાજર રહેશે તેમજ બાલાસિનોર અને વીરપુરના નાગરિકો માટે દર મહિનાના બીજા અને ચોથા બુધવારે બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન ખાતે હાજર રહેશે. આ પહેલ અંગે તેમણે વધુ માહિતી આપી.

**(બાઈટ : સફીન હસન, SP મહીસાગર)**

# BJP PARLIAMENTARY MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને આજથી બે દિવસ ભાજપના સંસદીય બોર્ડની બેઠક યોજાઈ રહી છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર ઝોન અને વડોદરા માટે ચર્ચા કરાશે.

# MORBI DABAN

મોરબી મહાનગરપાલિકા દ્વારા 'વન વીક વન રોડ' અભિયાન અંતર્ગત કાર્યવાહી દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે આજે મચ્છી પીઠ અને આસપાસના વિસ્તારમાં કાચા તેમજ શેડના દબાણો દૂર કરાયા. કેટલાક વેપારીઓએ સ્વેચ્છાએ દબાણ હટાવી દીધા, જ્યારે બાકીનો કાટમાળ તંત્રએ દૂર કર્યો હતો.

# CHD KOSUM VRUKSH

છોટાઉદેપુરના જંગલ વિસ્તારોમાં વસતા આદિવાસી પરિવારો માટે “લાખ” રોજગારીનું મહત્વનું સાધન બની રહ્યું છે. કેવડી વિસ્તારના જંગલોમાં આવેલા કોસુમના વૃક્ષો પર લાખ બેસાડવાની પરંપરાગત કળા જાણતા લોકો દિવાળીના સમયગાળા દરમિયાન લાખના જીવાણુઓ વૃક્ષો પર બેસાડે છે. ત્યારબાદ કેટલાક મહિનાઓમાં લાખ તૈયાર થતાં તેને ઉતારી બજારમાં વેચાણ કરાય છે. આ અંગે સ્થાનિક ગિરીશ નાયકે વધુ માહિતી આપી.

(BYTE: GIRISH NAYAK, LOCAL PERSON)

# HAWAMAN

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમી યથાવત્ રહેવાની સંભાવના છે. દરમિયાન હવામાન વિભાગે આજે અને આવતીકાલે કચ્છ અને સુરેન્દ્રનગરમાં ગરમીનું ઑરન્જ અલર્ટ અને બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, રાજકોટ, દેવભૂમિદ્વારકા, બોટાદ તથા અમરેલીમાં યેલો અલર્ટ જાહેર કર્યું છે.

# MEHSANA PRAMUKH

મહેસાણામાં વિસનગર, કડી, વિજાપુર, ઊંઝા અને બેચરાજી પાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી જાહેર કરવામાં આવી. આગામી 19 તારીખે સંબંધિત પાલિકાઓના સભાખંડમાં નવા ચૂંટાયેલા નગરસેવકોની પહેલી સાધારણ સભા યોજાશે. તેમાં મતદાનના અંતે પાલિકાઓના નવા હોદ્દેદારોની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, પાંચ નગરપાલિકામાં ભાજપ સ્પષ્ટ બહુમતી ધરાવે છે.

# COCONUT PRODUCTION

ગુજરાતે નાળિયેરની ખેતીમાં વિક્રમજનક ઉત્પાદન નોંધાવ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર રાજ્યમાં છેલ્લા 2 વર્ષમાં ટેન્ડર કોકોનટનું ઉત્પાદન અંદાજે 20 ટકા વધ્યું છે. આજે ખેડૂતો વાર્ષિક લગભગ 26 કરોડ નાળિયેરનું ઉત્પાદન કરે છે. રાજ્યના આશરે 28 હજાર હેક્ટર વિસ્તારમાં નાળિયેરની ખેતી કરવામાં આવે છે.

જેમાં ગીર સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, નવસારી, કચ્છ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓનો મહત્વનો ફાળો છે. વર્ષ 2024-25ના આંકડા મુજબ, રાજ્યમાં ટેન્ડર કોકોનટની સરેરાશ ઉત્પાદકતા આશરે 9.26 હજાર પ્રતિ હેક્ટર છે.